GJNV010006672026

Presented on : 06-03-2026
Registered on : 06-03-2026
Decided on : 09-03-2026
Duration : Y - M - D
00-00-03

**IN THE COURT OF**
**PRINCIPAL DISTRICT & SESSIONS JUDGE**
**AT ,NAVSARI**
**(Presided Over by P.J.TAMAKUWALA)**

**CRMA S/272/2026**

**Exhibit No.5**

Applicant :
AJAY S/O BALUBHAI MAGANBHAI DHO. PATEL
RESI. : MOGRAWADI, MANDIR FALIYU,
TA. CHIKHLI, DIST. NAVSARI.

**VERSUS**

Opponent :
The State of Gujarat

---

Advocate appearing for Applicants : Mr. P.S.CHAUDHARY
PP appearing for Opponent : Mr.T.C.SULE

---

**Sec. 483 of THE BHARATIYA NAGARIK SURAKSHA SANHITA, 2023**

**-: ચુ કા દો :-**

**૧.** હાલની જામીન અરજીના અરજદાર/આરોપી ચીખલી પો.સ્ટે.પાર્ટ–સી–ગુ.ર.નં.૧૧૮૨૨૦૦૯૨૬૦૨૫૮/૨૦૨૬, પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ), ૮૧, ૯૮(૨), ૧૧૬(૨) મુજબના ગુનાના કામે હાલ જયુડિશિયલ કસ્ટડીમાં હોઈ

અરજદાર/આરોપીએ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૮૩ મુજબ હાલની જામીન અરજી દાખલ કરેલ છે.

**૨.** સામાવાળા તરફે વિદ્વાન પી.પી.શ્રી ટી.સી.સુળે નાએ હાજર થઈ આંક–૪ થી તપાસ કરનાર અમલદારનું સોગંદનામું તથા તપાસનાં કાગળો રજૂ કરેલ છે.

**3.** અરજદાર/આરોપી તરફે વિદ્વાન વકીલ શ્રી પી.એસ.ચૌધરી નાઓ દ્વારા તેમની જામીન અરજીમાં જણાવેલ વિગતો મુજબની દલીલ કરવામાં આવેલ છે. તેમની મુખ્યત્વે દલીલ છે કે, ફરિયાદમાં જણાવ્યા મુજબનો કોઈ ગુનો અરજદાર/અરોપીએ કરેલ નથી અને તેમને સદર ગુનામાં ખોટી રીતે સંડોવી દીધેલ છે. સદર ગુનાનાં કામે તેમને તા.૨૪–૦૨–૨૦૨૬ નાં રોજ અટક કરી વિ.ટ્રાયલ કોર્ટમાં રજૂ કરેલા અને તેઓ વિરૂધ્ધ રિમાન્ડ પ્રક્રિયા પૂર્ણ થઈ ત્યારથી તેઓ જયુડિશિયલ કસ્ટડીમાં છે. વધુમાં, તેઓ અરજીમાં જણાવેલ સરનામેનાં રહીશ છે, કયાંય નાસી–ભાગી જાય તેવા નથી, કુટુંબનાં ભરણપોષણની જવાબદારી તેમનાં શિરે છે. અરજદાર/આરોપી સામેનાં કેસનો નિર્ણય આવતા લાંબો સમય જાય તેમ છે અને જો તે દરમ્યાન જામીનમુકત કરવામાં ન આવે તો પ્રિ–ટ્રાયલ કન્વીકશન થાય તેમ છે. વધુમાં, સદરહુ ગુનાનાં કામે અન્ય સહઆરોપીઓની ફો.પ.(જામીન) અ.નં.૨૬૩/૨૦૨૬ નામદાર કોર્ટે મંજૂર કરેલ છે, જેથી અરજદાર/આરોપી પેરીટીનો લાભ મેળવવા પાત્ર છે. વધુમાં, તેઓ નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવાની ખાતરી આપે છે. આ

તમામ હકીકતો અને જામીનના સંદર્ભમાં નામદાર સુપ્રિમ કોર્ટ અને નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંતો ધ્યાને લઈ હાલની આ રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાની અરજી મંજૂર કરવા અરજ કરેલ છે.

૪. સામાવાળા સ્ટેટ તરફે વિ.પી.પી.શ્રી ટી.સી.સુળે નાઓએ તેમની દલીલોમાં જણાવેલ છે કે, ગુજરાત રાજયમાં દારૂબંધી હોવાનું જાણવા છતાં આ કામનાં આરોપીઓએ એકબીજાની મદદગારીમાં તેઓનાં કબ્જાની XUV-3X0 Registration No.GJ-15-CP-7828 માં ભારતીય બનાવટની વિદેશી દારૂ – વ્હીસ્કીની બોટલો તથા ટીન બીયર મળી કુલ નંગ–૧૧૩૪, કિંમત રૂ.૩,૧૯,૦૫૦/– નો ગેરકાયદેસર અને વગર પાસ પરમીટે સેલ્વાસ ખાતેથી વહન કરી લાવી અન્ય સહઆરોપીને પહોંચાડવા જતાં સમયે રંગેહાથ પકડાઈ ગયેલ છે અને સદરહુ પ્રોહીબીટેડ મુદ્દામાલ ભરેલ વાહનનું પાયલોટીંગ હાલનાં અરજદાર/આરોપીએ તેમનાં કબ્જાની ક્રેટા કાર નં. જીજે–૨૧–સીએફ–૧૦૩૮ થી કરેલું અને પકડાઈ ગયેલ છે. અરજદાર/આરોપી સામે પ્રથમ દર્શનીય કેસ છે. ત.ક.અમલદારનાં સોગંદનામામાં જણાવ્યા મુજબનાં ગુના અરજદાર/આરોપીઓ વિરૂધ્ધ નોંધાયેલ છે અને તેઓ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. ગુનાની તપાસ હાલ ચાલુ છે. વોન્ટેડ સહઆરોપીને અટક કરવાના બાકી છે. જો અરજદાર/આરોપીને જામીનમુકત કરવામાં આવશે તો પોતાની આ ગેરકાયદેસરની પ્રવૃત્તિ ચાલુ રાખશે તેમજ તેઓ પુરાવા સાથે ચેડાં કરે અને ટ્રાયલ દરમ્યાન ગેરહાજર રહે તે શકયતા નકારી શકાય તેમ નથી. તે સંજોગોમાં અરજદાર/આરોપીની

જામીન અરજી નામંજૂર કરવા રજૂઆત કરેલ છે.

**૫.** અરજદાર/આરોપીની જામીન અરજી, આંક–૩ નાં લીસ્ટ સાથે રજૂ કરેલ દસ્તાવેજી પુરાવા, સામાવાળા–સ્ટેટ તરફે રજૂ થયેલ ત.ક.અમલદારનું સોગંદનામું, તપાસનાં કાગળો તેમજ બંને પક્ષકારો તરફે કરવામાં આવેલ રજૂઆતો ઘ્યાને લેતા,

(૧) આ કામનાં આરોપીઓએ એકબીજાની મદદગારીમાં તેઓનાં કબ્જાની XUV-3X0 Registration No.GJ-15-CP-7828 માં ભારતીય બનાવટની વિદેશી દારૂ – વ્હીસ્કીની બોટલો તથા ટીન બીયર મળી કુલ નંગ–૧૧૩૪, કિંમત રૂ.૩,૧૯,૦૫૦/– નો ગેરકાયદેસર અને વગર પાસ પરમીટે સેલ્વાસ ખાતેથી વહન કરી લાવી અન્ય સહઆરોપીને પહોંચાડવા જતાં સમયે રંગેહાથ પકડાઈ ગયેલ છે અને સદરહુ પ્રોહીબીટેડ મુદ્દામાલ ભરેલ વાહનનું પાયલોટીંગ હાલનાં અરજદાર/આરોપીએ તેમનાં કબ્જાની ક્રેટા કાર નં. જીજે–૨૧–સીએફ–૧૦૩૮ થી કરેલું અને પકડાઈ ગયેલ હોવાનો અરજદાર/આરોપી સામે આરોપ છે.

(૨) અરજદાર/આરોપીને સદર ગુનાનાં કામે તા.૨૪–૦૨–૨૦૨૬ નાં રોજ અટક કરી વિ.ટ્રાયલ કોર્ટમાં રજૂ કરેલા અને અરજદાર/આરોપી વિરૂઘ્ધ તા.૨૮–૦૨–૨૦૨૬ નાં કલાક ૧૫:૦૦ સુધીનાં પોલીસ કસ્ટડી રિમાન્ડ મંજૂર થયેલા અને તે રિમાન્ડ સમય પૂરો થયો ત્યારથી તેઓ જયુડિશિયલ કસ્ટડીમાં હોવાનું જણાય છે. આમ,

અરજદાર/આરોપીનું કસ્ટોડીયલ ઈન્ટરોગેશન પૂર્ણ થઈ જવા પામેલ છે.

(૩) ત.ક.અમલદારનાં સોગંદનામામાં જણાવ્યા મુજબનાં ગુના અરજદાર/આરોપી સામે દાખલ થયેલ છે અને તેઓ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે.

અવશ્યપણે સદરહુ ગુનાઓમાં અરજદાર/આરોપીને કસુરવાર ઠરાવેલા હોય તેવી ફરિયાદ પક્ષ તરફે કોઈ રજૂઆત નથી કે તે અંગેનાં કોઈ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા નથી.

(૪) સદરહુ ગુનાનાં કામે અન્ય સહઆરોપીઓની ફો.પ.(જામીન) અરજી નં.૨૬૩/૨૦૨૬ આ અદાલત ધ્વારા મંજૂર કરવામાં આવેલ છે. તે જામીનમુકત થયેલ આરોપીઓનો ગુનામાં ભજવેલ ભાગ અને હાલનાં અરજદાર/આરોપીનો ગુનમાં ભજવેલ ભાગ ધ્યાને લેતાં અરજદાર/આરોપીને પેરીટીનો લાભ મળવાપાત્ર છે.

આમ, ઉપરોકત હકીકતો સાથે ગુનાની ગંભીરતા, ગુનાનો પ્રકાર, સજાની જોગવાઈ, અરજદાર/આરોપીની ગુનામાં ભૂમિકા તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા **રમેશભાઈ બટુભાઈ ડાભી –વિ.– સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૧૧(૦) એ.આઈ.જે.ઈ.ટી. (એચ.સી.) ૨૨૫૦૭ નાં કેસમાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત તેમજ નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા ''સંજય ચન્દ્રા –વિરુધ્ધ– સી.બી.આઈ., ૨૦૧૧(૦) એ.આઈ.જે.ઈ.એલ. (એસ સી.) ૫૦૭૦૯''** નાં ચુકાદામાં પ્રતિપાદિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં, અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત

કરવા ન્યાયીક ડીસ્ક્રીશન વાપરવું યોગ્ય જણાઈ આવતુ હોય, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરુ છું.

**-: હુ ક મ :-**

(૧) અરજદાર/આરોપી : અજય S/o.બાલુભાઈ મગનભાઈ ધો.પટેલ, રહેવાસી : મોગરાવાડી, મંદિર ફળિયું, તા.ચીખલી, જિ.નવસારી નાઓએ ચીખલી પો.સ્ટે.પાર્ટ-સી-ગુ.ર. નં.૧૧૮૨૨૦૦૯૨૬૦૨૫૮/૨૦૨૬, પ્રોહીબીશન એકટની કલમ-૬૫(એ)(ઈ), ૮૧, ૯૮(૨), ૧૧૬(૨) મુજબના ગુનાના કામે કરેલ રેગ્યુલર ફોજદારી પરચુરણ જામીન અરજી નં.૨૭૨/૨૦૨૬ આથી 'મંજૂર' કરવામાં આવે છે.

દરેક અરજદાર/આરોપી રૂ.૫૦,૦૦૦/- (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) નાં જામીન તથા તેટલી જ રકમના જાત-મૂચરકા સંબંધીત ટ્રાયલ કોર્ટ સમક્ષ રજૂ કરેથી તેઓને નીચેની શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો</u> :-**

૧. અરજદાર/આરોપીએ તપાસના કામે ત.ક.અમલદારને સહકાર આપવો તેમજ ટ્રાયલ દરમ્યાન નિયમિત હાજર રહેવું.

૨. સદરહુ ગુના અંગે અરજદાર/આરોપી સામે ચાર્જશીટ ન થાય ત્યાં સુધી અરજદાર/આરોપીએ દર મહિનાની ૦૧ (પહેલી) તથા ૧૬ (સોળમી) તારીખે સંબંધીત પોલીસ સ્ટેશનમાં હાજરી પુરાવવી.

૩. અરજદાર/આરોપીએ જામીન આપતી વખતે પોતાના સ્થાયી તથા સ્થાનિક રહેઠાણનું સરનામું દર્શાવતો કોઈપણ આધાર પુરાવો તપાસ કરનાર અમલદારશ્રી તથા વિ.ટ્રાયલ કોર્ટ સમક્ષ રજૂ કરવો તથા અરજદાર/આરોપી કોર્ટની પૂર્વ પરવાનગી વિના રહેઠાણ બદલી શકશે નહિ.

૪. વિ.ટ્રાયલ કોર્ટની પૂર્વ પરવાનગી વિના અરજદાર/આરોપીએ ભારત દેશની હદ છોડવી નહિ.

૫. અરજદાર/આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો તે સંબંધીત ટ્રાયલ કોર્ટ સમક્ષ દિન-૭ માં રજૂ કરવો અને જો પાસપોર્ટ ધરાવતા ના હોય તો તે અંગેનું સોગંદનામું રજૂ કરવું.

૬. અરજદાર/આરોપીએ ફરિયાદ પક્ષના સાક્ષીઓને ફોડવા કોશિષ કરવી નહિ કે પુરાવા સાથે ચેડાં કરવા નહિ.

૭. અરજદાર/આરોપીએ અન્ય કોઈપણ ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાવું નહિ.

૮. ટ્રાયલ ચલાવતી કોર્ટ શરતોમાં ફેરફાર કરી શકશે.

(૨) આ હુકમની યાદી સંબંધીત ટ્રાયલ કોર્ટને તથા પોલીસ સ્ટેશનને કરવી.

આ હુકમ આજ તારીખ : ૦૯, માર્ચ, સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

Sd/-
**(પ્રતિક જે. તમાકુવાલા)**
સેશન્સ જજ, નવસારી.
CODE No.GJ 00581

નવસારી,

તારીખ : ૦૯-૦૩-૨૦૨૬.

A.G.KULKARNI, P.A.